# ગીતા ચોકમાં થેલીમાંથી માંસના ટુકડા મળતા રોષ: પોલીસમાં અરજી કરાઈ

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરના ગીતા ચોક વિસ્તારમાં સવારના સમયે એક મકાન નજીક શ્વાન થેલીમાંથી કંઈક ખાઈ રહ્યા હતા. દુર્ગંધ આવતા સ્થાનિક રહીશે તપાસ કરતા થેલીમાંથી માંસાહારના ટુકડા મળી આવ્યા હતા, જેનાથી સોસાયટીના રહીશોની લાગણી દુભાતા રોષ ફાટી નીકળ્યો હતો. આ મામલે ચિંતનભાઈ નામના રહીશે ભાવનગર SP અને ઘોઘારોડ પોલીસ મથકમાં અસામાજિક તત્વો વિરૂદ્ધ લેખિત રજૂઆત કરી છે. ઘોઘારોડના PI દેસાઈએ જણાવ્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ શ્વાન આ થેલી ખેંચી લાવ્યું હોય તેમ જણાય છે અને પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# મેડિકલ કોલેજ રેગિંગ કાંડ: ફરિયાદ નોંધાતા ડોક્ટરો હોસ્ટેલ છોડી ફરાર

ભાવનગર,તા.૨૩

ભાવનગર સરકારી મેડિકલ કોલેજમાં ભારે ચકચાર જગાવનાર રેગિંગ કાંડમાં આખરે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઓર્થોપેડિક વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો. અજયભાઈ સેંતાએ ૨૦ જૂનના રોજ નિલમબાગ પોલીસ મથકે બીજા વર્ષના ૭ રેસિડન્ટ ડોક્ટરો સામે જુનિયર ડોક્ટરોને શારીરિક-માનસિક ત્રાસ આપવા બદલ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ થતાં જ સસ્પેન્ડેડ સાતેય ડોક્ટરો હોસ્ટેલ છોડીને ફરાર થઈ ગયા છે, જેમને ઝડપી લેવા પોલીસે બે ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ, ફરિયાદીએ પોલીસને વીડિયો ફૂટેજ અને મોબાઈલ સ્ક્રીનશોટ્સ જેવા મજબૂત પુરાવાઓ સોંપ્યા છે.

# મોટા ખુટવડામાં મોડી રાત્રે સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતા ચાર ઝડપાયા

ભાવનગર,તા.૨૩

ભાવનગર જિલ્લાના મોટા ખુટવડા પોલીસ સ્ટેશનની ટીમ મોડી રાત્રે પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન રાત્રે ૧:૨૦ વાગ્યે ખાનગી રાહે મળેલી ચોક્કસ બાતમીના આધારે મોટા ખુટવડા ગામના શિતળાઈ પ્લોટ વિસ્તારમાં આવેલ વેલનાથ બાપાની વાડીના પાછળના ભાગે રેઈડ કરવામાં આવી હતી. જ્યાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી પડતર જગ્યામાં ગંજીપાના વડે હાર-જીતનો તીન પત્તીનો જુગાર રમી રહેલા શિવાભાઈ લાખાભાઈ ઠોળીયા ઉ.વ. ૨૮, અનીલભાઈ નાનાભાઈ વાઘેલા ઉ.વ. ૨૩, કાળુભાઈ શંભુભાઈ ચાવડા ઉ.વ. ૩૦, તથા બાવચંદભાઈ કેશુભાઈ ધાનકવાડીયા ઉ.વ. ૩૦ને ઝડપી લઈને તેઓની પાસથી તેમજ જુગારના પટમાંથી રોકડા રૂપિયા અને ગંજીપાનામળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૨,૮૩૦/- ની રોકડ અને મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# માહિતી ખાતાની કચેરી સળગાવી દેવાની ધમકી અપાતા ચકચાર

## રેકોર્ડના ફોટા પાડવા બાબતે નાયબ નિયામક સાથે ઝઘડો કરી સરકારી ફરજમાં રૂકાવટ કરનાર પૂર્વ કર્મચારી સહિત બે સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૨૩

ભાવનગર માહિતી ખાતાની કચેરીમાં સરકારી રેકોર્ડના મોબાઈલમાં ફોટા પાડવાની ના પાડતા નાયબ નિયામકને ખોટા કેસમાં ફસાવવાની અને કચેરી સળગાવી દેવાની ધમકી આપવાનો સળગતો મામલો સામે આવ્યો છે. આ અંગે નિલમબાગ પોલીસ મથકમાં બે શખસો વિરૂદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવની વિગત મુજબ, માહિતી ખાતાના નાયબ નિયામક (ઇન્ચાર્જ) રેસુંગભાઈ શંકરભાઈ ચૌહાણે કચેરીના પૂર્વ કર્મચારી હનીફ કાથડભાઈ સમા અને અગાઉ આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ભરતસિંહ વિભાજી ગોહિલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે બપોરે આ બંને શખસોએ કચેરીમાં આવી મસ્ટર અને રેકોર્ડ ફાઈલોના ફોટા પાડવાનું શરૂ કર્યું હતું. નાયબ નિયામકે તેમ કરતા અટકાવતા બંને ઉશ્કેરાઈ ગયા હતા અને કાયદેસરની સરકારી ફરજમાં રૂકાવટ કરી હતી.

તેઓએ રાડો પાડી નાયબ નિયામકને "તુ કેમ નોકરી કરે છે તે જોઈ લઈશું, તને ખોટા કેસમાં ફસાવી સસ્પેન્ડ કરાવી દઈશું" તેવી ધમકી આપી હતી. વચ્ચે પડનારા અન્ય કર્મચારીઓ સાથે પણ ઝઘડો કરી "આ ઓફિસને આગ લગાડી સળગાવી નાખીશુ" તેવી ગંભીર ધમકી આપી તેઓ ભાગી ગયા હતા. નિલમબાગ પોલીસે બંને આરોપીઓ સામે મ્હજી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાડ પડવાના ૧૬ કોલ પર ફાયર બ્રિગેડની તાત્કાલિક કામગીરી

# ધોધમાર વરસાદમાં તંત્રની કસોટી : અનેક વિસ્તારોમાં પાણી ભરાયા, કમિશનરે વિસ્તારોની મુલાકાત લઈ કામગીરી કરાવી

**પ્રિ-મોન્સૂન કામગીરી બાદ પણ કાળીયાબીડ, ટોપ થ્રી સર્કલ, લીલા સર્કલ જેવા વિસ્તારો પાણીમાં ગરક થયા હોય તેવા દ્રશ્યો સામે લોકોમાં સવાલ ઉઠ્યાં: જોકે, કમિશનરે મીનાએ તંત્રને દોડાવી સમયસર કામગીરી કરાવતા લોકોમાં મહદઅંશે રાહત**

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરમાં સોમવારે ઢળતી બપોરે ધોધમાર ૩૯ મી.મી. વરસાદ નોંધાતા વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. પ્રથમ વરસાદ જ ધોધમાર પડતા એક તબક્કે કહી શકાય કે તંત્રની કસોટી થઈ હતી અને અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા આથી મ્યુ. કમિશ્નરે ગ્રાઉન્ડ પર ઉતરવું પડયુ હતું અને પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈ તાબડતોબ કાર્યવાહી કરાવી હતી.



શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા તથા વૃક્ષો તૂટી પડવા, શેડ ઉડવા જેવા બનાવમાં ભાવનગર મહાનગરપાલિકાના તંત્ર દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ તમામ ૧૩ વોર્ડ માટે નિયુક્ત નોડલ ઓફિસરો દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં સતત પેટ્રોલિંગ અને મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં પણ પાણી ભરાવાની કે ડ્રેનેજની સમસ્યા જણાઈ ત્યાં તાત્કાલિક સંકલન કરી કામગીરી કરાઈ હતી. કમિશનર ડો. નરેન્દ્ર કુમાર મીના (IAS)એ વરસાદી પરિસ્થિતિ દરમિયાન કાળિયાબીડ, વિરાણી સર્કલ, ભગવતી સર્કલ અને વાઘાવાડી રોડ સહિતના વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી પાણીના ઝડપી નિકાલની કાર્યવાહી સુનિશ્ચિત કરી હતી. ડ્રેનેજ, એન્જિનિયરિંગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તથા ફાયર વિભાગની ટીમોએ માર્ગો પર અવરોધરૂપ બનતી વૃક્ષોની ડાળીઓ અને કચરો દૂર કરી વાહનવ્યવહાર સરળ બનાવ્યો હતો.

વરસાદ દરમિયાન ઝાડ પડવાના કુલ ૧૬ કોલ મળ્યા હતા, જેના પર ફાયર બ્રિગેડે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. હાલ કોઈ જાનહાનિ કે મોટી નુકસાની નોંધાઈ નથી. આગામી દિવસોમાં પણ વરસાદની સંભાવનાને પગલે તંત્ર સંપૂર્ણ સજ્જ અને સ્ટેન્ડબાય સ્થિતિમાં છે.તેવો દાવો કરાયો છે. જોકે, કાળીયાબીડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા તેમજ સોસાયટી વિસ્તારો બેટમાં ફેરવાતા તંત્રએ વરસાદ પૂર્વે કરેલી પ્રિ-મોન્સૂન કામગીરી સામે લોકોમાં સવાલ ઉઠ્યા છે.

# જેસર-મહુવામાં મેઘમહેર: વાવણીલાયક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ, જળાશયોમાં નવા નીરની આવક

**જેસરમાં પોણો ઈંચ વરસાદ સાથે PGVCLની પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા, મહુવાના ગ્રામ્ય વિસ્તારો અને ડેમ સાઈટો પર પણ સાર્વત્રિક વરસાદથી ગરમીમાં રાહત**

ભાવનગર,તા.૨૩

બહુપ્રતીક્ષિત ચોમાસાની ઋતુના આગમન સાથે જ ભાવનગર જિલ્લાના જેસર અને મહુવા તાલુકાઓમાં મેઘરાજાએ મહેર કરી છે. સોમવારે બપોરે દોઢ વાગ્યા આસપાસ જેસર પંથકમાં વીજળીના કડાકા-ભડકા સાથે ધોધમાર પોણો ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે, વીજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી હોય તેમ પ્રથમ વરસાદે જ ચાર કલાકથી વધુ સમય સુધી વીજળી ડૂલ રહી હતી અને PGVCL તંત્રએ લાઈટ ફોલ્ટ હોવાનું કહી હાથ ખંખેરી લીધા હતા. જેસર તાલુકાના ચિરોડા, સનાળા, રાજપરા, ઝડકલા, કાત્રોડી, છાપરિયાળી, કરજાળા, દેપલા, રાણીગામ, બીલા, સરેરા અને તાતણિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે. આ તરફ ઘોઘામાં બપોરથી સાંજ સુધીમાં ૮ મિ.મી. અને ગારિયાધારમાં બપોરે ૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

બીજી તરફ મહુવા તાલુકા અને તેના ગ્રામ્ય પંથકમાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. બોરડી, સેદરડા, ખાખરી, ગળથર, વાઘોદરા, મોણપર, બગદાણા, કુંભણ અને શેતરાણા સહિતના ગામડાઓમાં જોરદાર વરસાદ ખાબકતા મુખ્ય બજારોમાં પાણી વહેતા થયા હતા. મોટા ખુટવડા ગામમાં ભારે વરસાદને કારણે કોઝવે પરથી પાણી ફરી વળ્યા હતા. કેટલાક ગામોમાં આ સિઝનનો પ્રથમ વરસાદ હતો, જ્યારે બગદાણા પંથકમાં વરસાદનો આ ત્રીજો રાઉન્ડ હતો. લાંબા સમયથી વાવણીની રાહ જોતા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે અને લોકોને અસહ્ય ગરમીમાંથી મુક્તિ મળી છે.

આ સાથે જ મહુવા તાલુકાના ડેમ વિસ્તારોમાં પણ મેઘમહેરના શ્રીગણેશ થયા છે. બપોરે ૨ થી ૪ દરમિયાન માલણ ડેમ વિસ્તારમાં અર્ધો ઈંચ (૧૦ મિ.મી.) અને લાખણકા ડેમ વિસ્તારમાં પોણો ઈંચ (૨૦ મિ.મી.) વરસાદ પડ્યો હતો, જ્યારે સાંજે ૪ થી ૬ વચ્ચે રોજકી ડેમ વિસ્તારમાં પણ અર્ધો ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદની સિઝનની શરૂઆતમાં જ નદીઓ, નાળાઓ અને ડેમોમાં નવા નીરની આવક થતાં જળસંગ્રહમાં સામાન્ય વધારો થયો છે.

# તળાજાના શખ્સે મ્યુલ એકાઉન્ટ મારફત લાખો રૂપિયા સગેવગે કર્યા, ગુનો દાખલ

ભાવનગર,તા.૨૩

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એમ. ગોહીલે એક મોટી છેતરપિંડી અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસ અને 'સમન્વય પોર્ટલ' પરથી મળેલા ડેટાના આધારે ભાવનગર જિલ્લાના એક શખ્સનું 'મ્યુલ બેંક એકાઉન્ટ' (સાયબર ગુનાના નાણાં ફેરવવાનું ખાતું) ઝડપાયું છે. જેમાં દેશભરમાંથી સાયબર ફ્રોડ કરીને મેળવેલા નાણાં જમા કરાવવામાં આવ્યા હતા. સાયબર ક્રાઈમની તપાસ દરમિયાન સામે આવ્યુંછે કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નંબર ૩૮૧૦૧૦૨૩૭૭૨ માં દેશના અલગ-અલગ રાજ્યોમાંથી સાયબર છેતરપિંડીની કુલ બે અરજીઓ અંતર્ગત અનુક્રમે રૂ. ૧,૮૦,૦૦૦ અને રૂ. ૧,૬૮,૦૦૦ મળી કુલ રૂ. ૩,૪૮,૦૦૦ પ્રથમ લેયરમાં જમા થયા હતા. આ રકમ જમા થયાના જ દિવસે આરોપીએ ચેક મારફતે રૂ.૩,૯૦,૦૦૦ અને રૂ. ૬,૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૦,૪૦,૦૦૦/- ઉપાડીને સગેવગે કરી દીધા હતા. આ બેંક ખાતું તળાજાના કાજીવાડ, દેવડી ચોક ખાતે રહેતા ૨૮ વર્ષીય વેપારી મુસ્તફા મહેબુબભાઈ કુરેશીનું હોવાનું ખુલ્યું છે. આરોપીએ આર્થિક લાભ મેળવવા પોતાના ખાતાનો દુરુપયોગ કરવા દઈ ગુનાહિત કૃત્ય આચર્યું છે. આથી સાયબર પોલીસે આરોપી મુસ્તફા કુરેશી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ ૩૧૭(૪) મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં સાયબર સ્ટાફ અને દેશભરના ભોગ બનનાર વ્યક્તિઓને સાક્ષી બનાવવામાં આવ્યા છે.

## ભાવનગરમાં સાયબર ફ્રોડનો પર્દાફાશ: સમન્વય પોર્ટલના ડેટાથી ફ્રોડ પકડાયું

# મહુવાના માઢિયા ગામે મંદિરમાં ચોરી કરનાર તસ્કર મુદ્દામાલ સાથે ઝડપાયો

## પોલીસે ગણતરીના કલાકોમાં મંદિરની ચોરીનો ગુન્હો ઉકેલ્યો

ભાવનગર,તા.૨૩

મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારના માઢિયા ગામે આવેલા ખાંભીવાળા પાંચાદાદાના મંદિરે ગત તા. ૨૦/૦૬/૨૦૨૬ના રોજ સાંજના સાતેક વાગ્યા દરમિયાન ચોરીની ઘટના બની હતી. જેમાં કોઈ અજાણ્યો ચોર ઈસમ પથ્થરની ખાંભી ઉપર ચડાવેલા ચાંદીના પંચધાતુ વાળા અને જેના પર સોનાનો ઢોળ ચડાવેલો હતો તેવા ૧૦ નંગ છતર કુલ વજન આશરે ૨૦૦ ગ્રામ, કિંમત રૂપિયા ૮૦૦૦ ચોરી કરી નાસી છૂટ્યો હતો.

જે સંદર્ભે મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં BNS કલમ ૩૦૫(ડી)



મુજબ ગુન્હો નોંધવામાં આવ્યો હતો. આ ગુન્હાને ગણતરીના કલાકોમાં ઉકેલી નાખવા માટે મહુવા ગ્રામ્ય પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ઓરીજનલ મુદ્દામાલ સાથે આરોપીને શોધી કાઢી ધોરણસર અટકાયત કરવામાં આવી છે. પકડાયેલા આરોપીનું નામ દીપકભાઈ ઉર્ફે દીપો દેવજીભાઈ પરમાર (ઉંમર વર્ષ ૩૩, ધંધો- હીરાઘસુ, રહેવાસી- રાભડા ગામ, ખોડીયાર મંદિર સામે, તાલુકો- લાઠી, જિલ્લો- અમરેલી) છે. પોલીસે આરોપી પાસેથી ચોરી થયેલા સોનાના ઢોળવાળા તમામ ૧૦ નંગ છતર કબજે લીધા છે. આ સફળ કામગીરી કરનાર ટીમમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એ.ઝાલા, LCB એ.એસ.આઈ. ડી.કે.આહીર, હેડ કોન્સ્ટેબલ વી.પી.ગોહીલ, હેડ કોન્સ્ટેબલ બી.આર.મકવાણા, LCB પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ગોવિંદભાઈ વાઘેલા તથા પોલીસ કોન્સ્ટેબલ અશ્વિનભાઈ પ્રેમજીભાઈ જીંજાળા જોડાયા હતા.

# તાજિયાના રૂટ પર રોડ પેચવર્ક અને લાઈટિંગની વ્યવસ્થા કરવા અધિકારીઓને અપાઈ સૂચના

## ભાવનગરમાં મહોરમ તહેવારની ઉજવણી સંદર્ભે તંત્ર અને મુસ્લિમ અગ્રણીઓની બેઠક યોજાઈ

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરમાં આગામી ૨૫ અને ૨૬ જૂનના રોજ મહોરમ તહેવારની કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તે માટે કલેક્ટર કચેરીના આયોજન હોલ ખાતે નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણીના અધ્યક્ષસ્થાને વહીવટી તંત્ર અને મુસ્લિમ સમાજના અગ્રણીઓની એક મહત્વની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મુસ્લિમ સમાજના આગેવાનોએ માહિતી આપતા જણાવ્યું હતું કે ભાવનગર શહેરમાં નોંધાયેલા મુખ્ય તાજિયાઓની સંખ્યા આશરે ૩૫ છે અને તેની સાથે અન્ય માનતાના તાજિયાઓ પણ જોડાશે, જેથી તાજિયાના નિર્ધારિત રૂટ પર રોડનું પેચવર્ક કરવા તેમજ જરૂરી તમામ સ્થળોએ લાઈટિંગની પૂરતી વ્યવસ્થા ઊભી કરવા વહીવટી તંત્રને સૂચન કરવામાં આવ્યું હતું.

તહેવારના બંને દિવસો દરમિયાન તાજિયાના રૂટ અંગેની તમામ જરૂરી વ્યવસ્થાઓ સમયસર પૂર્ણ કરવા માટે નિવાસી અધિક કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ, સિટી મામલતદાર કિશન ચાંદલિયા, વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ તેમજ ભાવનગર સેન્ટ્રલ તાજિયા કમિટીના પ્રમુખ સૈયદ હુસૈનમિયાંબાપુ સહિત સમસ્ત મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને શહેરમાં તાજિયા બનાવતા આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડીલોના આશરા માટેની આ શ્રેષ્ઠ સંસ્થા છે: આનંદબાવા

**કિરણભાઈ દ્વારકાદાસ સંઘવી 'વૃદ્ધનિકેતન' વૃદ્ધાશ્રમનું સ્થાપક ટ્રસ્ટી હર્ષદભાઈ શેઠ તથા પારૂલબેન અચ્યુતભાઈ મહેતાના હસ્તે ઉદ્ઘાટન થયું**

ભાવનગર,તા.૨૩

ભાવનગર વૃધ્ધાશ્રમના નવા બિલ્ડીંગનું ઉદ્ઘાટન સ્થાપક ટ્રસ્ટી હર્ષદભાઈ શેઠ તથા દાતા પરિવારના પારૂલબેન અચ્યુતભાઈ મહેતાના વરદ્ હસ્તે નંદાલય હવેલીના પ.પૂ. આનંદબાવાના આશીર્વાદ સાથે કરવામાં આવ્યું હતું.

વૃધ્ધાશ્રમના પ્રમુખ નીલાબેન ઓઝાએ નવા બિલડીંગ અંગેની વિગતવાર માહિતી આપી હતી. અને જણાવ્યું હતું કે સૌ ટ્રસ્ટીઓના સહિયારા પ્રયાસથી અમો આ અઘરું કામ કરી શકયા છીએ. તેમણે જણાવ્યું હતું કે આજે ત્રિવેણી સંગમ છે. વિશ્વ યોગ દિવસ, ફાધર્સ-ડે અને વૃધ્ધાશ્રમના નવા



બિલ્ડીગનું ઉદ્ઘાટન. મુંબઈના વિલસન પેન વાળા દુલારીબેનનું ખૂબજ મોટુ આર્થિક યોગદાન મળ્યું છે. ત્યારબાદ વૃધ્ધાશ્રમના સ્થાપક ટ્રસ્ટી હર્ષદભાઈએ જણાવ્યું હતું કે આ ૫૦ વર્ષ જુના થઈ ગયેલ વૃધ્ધાશ્રમની જગ્યાએ નવુ આધુનિક વૃધ્ધાશ્રમ બનવું જોઈએ એ મારૂ ઘણા સમયથી સ્વપ્ન હતું. આજે તે સાકાર થવા જઈ રહ્યું છે તેનો મને ખૂબજ આનંદ છે. મારી જીંદગીનો આ સર્વશ્રેષ્ઠ દિવસ છે તેમ તેમણે જણાવ્યું હતું. તેઓ પોતાની જુવાનીથી માંડીને આજે વૃધ્ધાવસ્થા સુધી આ વૃધ્ધાશ્રમ સાથે જોડાયેલા છે અને તેમનું સમગ્ર જીવન વૃધ્ધાશ્રમને સમર્પિત કરી દીધુ છે.

નંદાલય હવેલીના પ.પૂ. ગોસ્વામી આનંદબાવાએ જણાવ્યું હતું કે ભાવનગરમાં અનેક સામાજિક સંસ્થાઓ શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. વડીલોના આશરા માટેની આ શ્રેષ્ઠ સંસ્થા છે. ભાવનગર વૃધ્ધાશ્રમ એ ગુજરાતના આદર્શ વૃધ્ધાશ્રમો માનું એક છે. આ વૃધ્ધાશ્રમમાં ૫૦ વર્ષો દરમિયાન અનેક વૃધ્ધ-વડીલોએ આશરો લીધો હશે તે તમામના આશીર્વાદ ટ્રસ્ટીગણને મળી રહ્યા છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે જીવનમાં આવતી ચાર અવસ્થાઓનો સ્વિકાર કરવો જોઈએ. પ્રભુ ગોવર્ધનનાથજીના ચરણોમાં વિનંતી છે કે ૫૦ વર્ષોથી ચાલતી આ સંસ્થા હજુ વધુ ૨૦૦ વર્ષ સુધી ચાલતી રહે અને નિરાધાર વડીલોનો આશરો બનતી રહે.

વૃધ્ધાશ્રમના સહમંત્રી દેવેનભાઈ શેઠએ જણાવ્યું હતું કે અમોને વડીલોની તમામ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આ આધુનિક સગવડતાવાળું વૃધ્ધાશ્રમ બનાવ્યું છે. અહી વસવાટ કરનાર તમામ વડીલોના અમોને આશીર્વાદ મળશે. આવુ આધુનિક સગવડતાવાળુ વૃધ્ધાશ્રમ બનાવવા અમારે ૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ હતો, જે એક પડકારરૂપ હતો, પરંતુ ઈશ્વર કૃપાથી અમોને માત્ર ૩ મહિનામાં જ આ માટેનું ડોનેશન પ્રાપ્ત થઈ ગયુ હતું.

ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી અને સંસ્થાને જયા પણ તેમની જરૂર પડે ત્યાં મદદરૂપ થવાની ખાત્રી આપી હતી. કાર્યક્રમના અંતમા મંત્રી બુધાભાઈ પટેલએ આભારવિધિ કરતા જણાવ્યું હતું કે બધાના સહીયારા પ્રયાસથી આ નવું સુંદર મજાનું વૃધ્ધાશ્રમનું બિલ્ડીગ બની શકયું છે. તેઓએ તમામ ટ્રસ્ટીગણ, સંસ્થાના તમામ કર્મચારીગણ તથા મકાનના બાંધકામમાં આર્કીટેકટ મચ્છર સ્ટ્રકચરલ એન્જિનીયર અતુલભાઈ વોરા તથા કમલેશભાઈ ડોડીયાનો આભાર વ્યક્ત કર્યો હતો. નવા બિલ્ડીંગના તમામ નાના-મોટા કામો સંભાળનાર સંસ્થાના કર્મચારી રાજેશભાઈનો પણ ખાસ આભાર માન્યો હતો.આ ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય સેજલબેન પંડ્યા, શહેર ભા.જ.પા. પ્રમુખ કુમારભાઈ શાહ, મેયર ઉષાબેન, સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, અનેક દાતાઓ, શહેરના ઉદ્યોગપતિઓ તથા મહાનુભાવો હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# મેઘરાજાની આક્રમક બેટિંગથી મહાનગરપાલિકા અને વીજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડી : શહેર જળબંબાકાર, અનેક વીજપોલ ધરાશાયી

















તમામ તસવીર : ધવલ વાજા

## કાળિયાબીડમાં સ્કૂલનો વિશાળ શેડ ઉડતાં ઘરો-વાહનોને ભારે નુકસાન, કુંભારવાડા અંડરબ્રિજ પાણીમાં ગરકાવ; ૧૫થી વધુ વૃક્ષો અને ૩૦ વીજપોલ ધરાશાયી થતાં હાડમારી

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરમાં સોમવારે બપોરે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને આકાશમાં વીજળીના બિહામણા કડાકા-ભડકા સાથે તોફાની વરસાદ શરૂ થયો હતો. તેજ પવન સાથે તૂટી પડેલા આ વરસાદે માત્ર દોઢથી બે કલાકમાં આખા શહેરને ધમરોળી નાખ્યું હતું અને બે ઈંચ (૪૭ મિ.મી.) જેટલું પાણી વરસી ગયું હતું. મોસમની આ પ્રથમ શ્રીકાર વર્ષાના એક તરફ નગરજનોએ વધામણાં કર્યા હતા, તો બીજી તરફ માત્ર બે ઈંચ વરસાદમાં જ શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ચોમાસાના પ્રારંભે જ મહાનગરપાલિકા તંત્રની કહેવાતી પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડી જતાં સ્થાનિક નગરજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો.

વરસાદના કારણે કાળિયાબીડ અને કરચલિયા પરા સહિતના વિસ્તારોમાં જાણે પાંચ-છ ઈંચ વરસાદ પડ્યો હોય તેમ મુખ્ય રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પાણી ઓસરવામાં કલાકો વીતી જતાં વાહનચાલકોની હાલત કફોડી બની હતી અને રાહદારીઓ ભય વચ્ચે રસ્તો ઓળંગવા મજબૂર બન્યા હતા. મુનિ ડેરી નજીક તાજેતરમાં જ બનાવાયેલા નવા રોડ પર મોટો ખાડો પડી જતાં વાહન ફસાયું હતું, જ્યારે કાળિયાબીડના રસ્તાઓ પર પણ અનેક વાહનો ફસાયા હતા. આ ઉપરાંત, કુંભારવાડામાં આવેલો રેલવે અંડરબ્રિજ ફરીથી સ્વિમિંગ પુલની માફક પાણીથી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણ ખોરવાયો હતો અને વાહનચાલકોને ભારે હાડમારીનો સામે કરવો પડ્યો હતો.

પવનના કારણે કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં આવેલી સારથી સ્કૂલની અગાસી પર બનાવેલો આશરે ૩૦-૩૦ ફૂટનો વિશાળ લોખંડનો શેડ (ડોમ) પંખા અને ઈલેક્ટ્રિક વાયરિંગ સાથે હવામાં ઉડી ગયો હતો. આ પતરાં બેથી ત્રણ શેરીઓ દૂર લોકોના ઘરો અને રસ્તાઓ પર પડતાં સ્થાનિકોમાં ભારે ભય ફેલાયો હતો. પતરાં પડવાને કારણે ફોર-વ્હીલર વાહનો અને ઘરોની સોલાર પેનલોને મોટું નુકસાન થયું હતું. મનપાની ટીમે શેરીઓમાંથી પતરાં દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી, જેમાં એસ્ટેટ શાખાના એક કર્મચારીને લોહીયાળ ઈજા થતાં સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. રહીશોએ આ શેડની મંજૂરી સામે સવાલો ઉઠાવી ચોમાસામાં આવી બેદરકારી મોટી જાનહાનિ નોતરશે તેવો ભય વ્યક્ત કર્યો હતો.

પવન અને વરસાદના આ તાંડવમાં શહેરમાં જુદા-જુદા સ્થળોએ ૧૫થી વધુ મોટા વૃક્ષો તૂટી પડ્યા હતા. આ સિવાય હિલપાર્ક ચોકડી, ઓજ સ્કૂલ પાસે તેમજ અધેવાડાના ઢાળમાં ૭ મળીને શહેરમાં કુલ ૩૦ જેટલા વીજપોલ ધરાશાયી થઈ ગયા હતા, જેને કારણે કલાકો સુધી વીજ પુરવઠો ગુલ થઈ ગયો હતો. સામાન્ય વરસાદમાં આટલી મોટી સંખ્યામાં વીજપોલ પડી જવાની ઘટનાએ આશ્ચર્ય જગાવ્યું છે, જોકે કેટલીક જગ્યાએ વૃક્ષોની ભારેખમ ડાળીઓ પડવાને કારણે લાઈનો તૂટી હોવાનું પણ સામે આવ્યું છે. એકંદરે, પ્રથમ વરસાદે જ મનપા અને વીજ તંત્રની નબળી કામગીરી ઉજાગર કરી દીધી છે.

# શહેરમાં ૫ વર્ષ સુધીના ૧.૨૮ લાખથી વધુ બાળકોને અપાશે પોલિયો રસી

## રવિવારે જુદા જુદા કેન્દ્રો પર અને ત્યારબાદ ત્રણ દિવસ સુધી ઘેર-ઘેર જઈને પોલિયોના ટીપા પીવડાવવા આરોગ્ય તંત્ર સજ્જ

ભાવનગર,તા.૨૩

ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી ૨૮ જૂન ૨૦૨૬ ના રોજ પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમનું વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ૨૮ જૂનના રોજ નિર્ધારિત બૂથ પર સવારે ૮:૦૦ કલાકથી સાંજ સુધી અને ત્યારબાદ ૨૯, ૩૦ જૂન તથા ૧ જુલાઈના રોજ હાઉસ ટુ હાઉસ (ઘેર-ઘેર) જઈને કામગીરી કરવામાં આવશે. આ રાષ્ટ્રીય અભિયાન હેઠળ ભાવનગર શહેરના ૧ થી ૧૩ વોર્ડમાં ૦ થી ૫ વર્ષની વયના અંદાજીત ૧,૨૮,૩૩૫ બાળકોને પોલિયો વિરોધી રસીના બે ટીપા પીવરાવવાનો લક્ષ્યાંક છે. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે કુલ ૧૪ નોડલ ઓફિસરને ખાસ કામગીરી સોંપવામાં આવી છે અને સમગ્ર શહેરમાં ૪૭૬ બૂથ (સભ્યો ૧૭૮૨, સુપરવાઈઝર ૧૩૭), ૪૬ હાઉસ ટુ હાઉસ ટીમ (સભ્યો ૯૨૦, સુપરવાઈઝર ૯૩૨), ૬૧ મોબાઈલ ટીમ (સભ્યો ૧૨૨, સુપરવાઈઝર ૩૮) તથા ૩૭ ટ્રાન્ઝીટ ટીમ (સભ્યો ૧૪૮)નું મજબૂત માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

આગામી રવિવારે વાલીઓ પોતાના બાળકને પોલિયોથી સુરક્ષિત રાખવા માટે નજીકના વિસ્તારમાં ઊભા કરાયેલા રસીકરણ કેન્દ્રો જેવા કે આંગણવાડી કેન્દ્રો, હેલ્થ સેન્ટર, સર ટી. હોસ્પિટલ, આનંદવાટીકા હોસ્પિટલ, રેડક્રોસ દવાખાના, અપંગ પરિવાર કેન્દ્ર, રોટરી હોલ, બજરંગદાસ બાપા હોસ્પિટલ, રામમંત્ર મંદિર હોસ્પિટલ, શાંતિલાલ શાહ હોસ્પિટલ, પી.એન.આર. ઈમ્યુનિટાઈઝેશન વિભાગ, વેસ્ટર્ન રેલ્વે હોસ્પિટલ, સિટી બસ સ્ટેશન, બાળકોના પ્રાઈવેટ ડોક્ટર્સની ક્લિનિક તેમજ ટાઉન હોલ સ્થિત આઈ.સી.ડી.એસ. ઓફિસ ખાતે જઈને પોલિયો વિરોધી રસીના બે ટીપા અવશ્ય પીવડાવે તે જરૂરી છે. ભાવનગર શહેરના તમામ નાગરીકો પોતાના બાળકોને આ રસી અપાવીને રાષ્ટ્રીય કાર્યક્રમમાં સહભાગી બને તે માટે મેયર ઉષાબેન તલરેજા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, શાસક પક્ષાના નેતા લાલભાઈ વાળા, દંડક રિન્કુબેન માંગુકીયા તથા કમિશનર એન.કે. મીના દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**જુનાગઢ-MG સ્ટેશનના હાલના સ્થળે થી ગ્રોફેડ (Grofed) વિસ્તારમાં સ્થળાંતરનાં સંબંધમાં વિવિધ કામ**

**ટેન્ડર નં. DRMSnT-BVP-Sig-12of26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝનઃ- જુનાગઢ-MG સ્ટેશનને હાલના સ્થળે થી ગ્રોફેડ (Grofed) વિસ્તારમાં સ્થળાંતર કરવાના સંબંધમાં સિગ્નલ અને ટેલિકોમ સામગ્રીઓની આપૂર્તિ સંસ્થાપન પરિક્ષણ અને કમિશનીંગ કરવાનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૪૩,૧૬,૨૯૬.૪૮/- (રૂા. તેંતાળીસ લાખ સોળ હજાર બસો છન્નુ અને અડતાળીસ પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૩-૦૭-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-063

અમને લાઇક કરો: facebook.com/WesternRly


અનુ.પાના ૮નું શરૂ...

### મ્યુ. સભામાં નવી ૯ કમિટીઓ જાહેર કરાશે:

આવનાર છે. ખાસ કરીને શહેરની 'પી.એમ. ઈ-બસ સેવા' અંતર્ગત દિવ્યાંગો અને સામાન્ય નાગરિકો માટે પાસના દરોમાં ૫૦% સુધીનો મોટો ઘટાડો કરવાની દરખાસ્ત મંજૂર કરાશે. શારીરિક અસક્ષમ વ્યક્તિઓ માટે માસિક પાસ માત્ર રૂ. ૧૦૦ (ત્રિમાસિક રૂ. ૨૫૦ અને અર્ધવાર્ષિક રૂ. ૫૦૦) નક્કી કરાયો છે, જ્યારે સામાન્ય જનતા માટે માસિક પાસ રૂ. ૩૦૦ (ત્રિમાસિક રૂ. ૮૦૦ અને અર્ધવાર્ષિક રૂ. ૧૬૦૦) કરવામાં આવશે. આ ઉપરાંત, છેલ્લા ૯ વર્ષથી વિધવા બહેનો માટે મિલકત વેરા મુક્તિની વાર્ષિક આવક મર્યાદા જે રૂ. ૩૬,૦૦૦ હતી, તેને વધારીને રૂ. ૧,૫૦,૦૦૦ કરવાનો પ્રજાલક્ષી નિર્ણય લેવાશે.અન્ય મહત્વના નિર્ણયોમાં, ટ્રાન્સપોર્ટ વિભાગના ૧૪ કંડમ વાહનોના નિકાલ માટે સરકાર માન્ય MSTC વડોદરા સંસ્થા મારફત ઈ-ઓક્શન કરવાની તમામ સત્તા સ્ટેન્ડિંગ કમિટીના બે સભ્યોની હાજરીમાં મનપા કમિશનરને સોંપાશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (EWS-1) અંતર્ગત તૈયાર થયેલી ૧૬૦ દુકાનો પૈકી બાકી રહેલી ૩૦ દુકાનોના જાહેર હરરાજીથી ઝડપી નિકાલની વહીવટી સત્તા પણ કમિશનરને અપાશે. સુભાષનગર અને સરદારનગર વિસ્તારના ૫ રહેણાંકીય પ્લોટોના લીઝપટ્ટા આગામી ૩૦ વર્ષ માટે રીન્યુ કરાશે. માનવતાવાદી અભિગમ સાથે, સોલિડ વેસ્ટ અને ડ્રેનેજ વિભાગના ૫ કાયમી સફાઈ કામદારોને ગંભીર બીમારીના સારવાર ખર્ચ પેટે આર્થિક સહાય અપાશે, તેમજ ચાલુ નોકરીએ અવસાન પામેલા ૪ કર્મચારીઓ વતી તેમના વારસદારોને રહેમરાહે ૫ વર્ષના ફિક્સ પગારથી સફાઈ કામદાર તરીકે નિમણૂંક આપવાની દરખાસ્તને પણ મંજૂરીની મહોર મારવામાં આવશે.

## અવસાન નોંધ

### સિહોર સંપ્રદાય ઓદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ

ભાવનગર-અમદાવાદ : પ્રતિભાબેન જોષી ઉમર વર્ષ ૭૦, જેઓ દિલીપભાઈ જે.જોષી ( રીટા. સ્ટેશન સુપ્રીટેન્ડેન્ટ ભાવનગર/ ગોંડલ - રેલવે )ના ધર્મપત્ની, મનીષભાઈ જોષી તથા હેતલબેન જાની ના માતુશ્રી, અમીતકુમાર જાની તેમજ દિપાલીબેન જોષી ના સાસુ, સ્વ. પ્રમોદભાઈ જોષી (રેલવે),મુકુંદભાઈ જોષી (જીમૈં), સ્વ. અનિલભાઈ જોષી (ઇન્કમ ટેક્સ), દિવ્યાબેન જોષી (રીટા. ટીચર, સીહોર) ના ભાભી, પિયર પક્ષે તેઓ સ્વ. ચંદ્રકાંત નાનાલાલ જોષી (રેલ્વે)ના પુત્રી, શશીકાંતભાઈ, સ્વ. રજનીભાઇ, દેવેન્દ્રભાઈ તેમજ નયનભાઈ જોષી - ઢસાના બહેન તા.૨૦/૬/૨૬ ના અમદાવાદ મુકામે ગૌલોકવાસી થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૫/૬/૨૦૨૬ના ગુરૂવારના સાંજના ૪ થી ૬ કલાકે રામવાડી, વિભાગ નંબર-૧, ભીડભંજન મંદિર પાસે, ભાવનગર ખાતે રાખેલ છે.


**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી. નં ૯૮/૨૦૨૬**
**જન્મ તા.૨૪/૦૭/૧૯૯૭**

**શ્રી નરશીભાઈ મોહનભાઈ ભાયાણી,**
**રહે. ફરીયાદકા, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**ફરિયાદકા ગ્રામ પંચાયત કચેરી, મુ. ફરિયાદકા, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નરશીભાઈ મોહનભાઈ ભાયાણી રહે. ફરીયાદકા, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી નિધીબહેન નરેશભાઈ ભાયાણીનો જન્મ તા.૨૪/૦૭/૧૯૯૭ના રોજ ફરિયાદકા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૦/૨૦૨૬-૨૭**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯-૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સુવીધાપથ | ૨ કામ | ૩૦૬ લાખ |
| કુલ | ૨ કામ | ૩૦૬ લાખ |

આ કામના ટેન્ડરોhttps://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૦૭-૦૭-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૦૮-૦૭-૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૨૯૬-૨૬

# પાલીતાણામાં ટ્રાવેલ્સની ઓફિસમાંથી નશાકારક કફ સિરપનો જથ્થો ઝડપાયો

## કફ સિરપની ૧૮ બોટલો, ૧ મોબાઈલ સહીત ૧૦,૪૦૦નો મુદામાલ જપ્ત, એકની ધરપકડ

ભાવનગર,તા.૨૩

ભાવનગર એસ.ઓ.જી. પોલીસના એ.એસ.આઈ. હરેશભાઈ ઉલ્વાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પાલીતાણા ટાઉન પોલીસ સાથે રાખીને તળેટી રોડ પર આવેલી 'મયુર એન્ડ જય વાલમ ટ્રાવેલ્સ'ની ઓફિસમાં મધ્યરાત્રિએ રેઈડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન ઑફિસમાંથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો નશાકારક કફ સિરપની બોટલોનો જથ્થો ઝડપાઈ ગયો હતો.

પોલીસે પંચોની હાજરીમાં ઓફિસની તપાસ કરતા ત્યાં નોકરી કરતા મુકેશભાઈ હીમતભાઈ રાઠોડ ઉ.વ. ૩૮, રહે. બહારપરા, પાલીતાણાએ પ્લાસ્ટિકના ઝભલામાંથી જુદી જુદી કંપનીની કફ સિરપની કુલ ૧૮ બોટલો (૧૮૦૦ મિલી) રજૂ કરી હતી. આ બોટલો અંગે લાયસન્સ કે બિલ માંગતા તેની પાસે કોઈ આધારભૂત પુરાવા નહોતા. ઘટનાસ્થળે બોલાવવામાં આવેલા એફ.એસ.એલ. સાયન્ટિફિક ઓફિસર એ.એચ. ઈટાલીયા અને ડ્રગ્સ ઈન્સ્પેક્ટરે તપાસ કરીને અભિપ્રાય આપ્યો હતો કે, આ સિરપમાં 'Codeine Phosphate' નું પ્રમાણ છે, જે એક નાર્કોટિક્સ ડ્રગ છે અને તેનો નશા તરીકે ઉપયોગ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

પકડાયેલા આરોપી મુકેશ રાઠોડની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, તે આ નશાકારક સિરપનો જથ્થો સુરત ખાતે રહેતા ગૌસ્વામી નામના વ્યક્તિ પાસેથી મંગાવીને અહીં છૂટક વેચાણ કરતો હતો. પોલીસે રૂ. ૫,૪૦૦ ની કિંમતની કફ સિરપની ૧૮ બોટલો, રૂ. ૫,૦૦૦ ની કિંમતનો વિવો મોબાઈલ ફોન અને દસ્તાવેજો મળી કુલ રૂ. ૧૦,૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પાલીતાણા ટાઉન પોલીસે આરોપી મુકેશ રાઠોડની ધરપકડ કરી આ ગુનામાં સંડોવાયેલા સુરતના ગૌસ્વામી સહિત બંને ઈસમો વિરૂદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટની કલમ ૮(સી), ૨૧(સી) અને ૨૯ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં આકાશી આફતઃ વીજળી પડતા બે ભેંસના મોત, ઘરમાં ઈલેક્ટ્રિક ઉપકરણોને નુકશાન

## ચિત્રા ગણેશનગરના રહેણાંક મકાનમાં વીજળી ત્રાટકતા ઘરવખરીને નુકસાન, ફુલસર વિસ્તારમાં પણ વીજળી પડ્યાની ચર્ચા વચ્ચે તંત્ર અજાણ

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરમાં ગાજવીજ સાથે વરસેલા ધોધમાર વરસાદ દરમિયાન ચિત્રા વિસ્તારમાં બે અલગ-અલગ જગ્યાએ આકાશી વીજળી ત્રાટકી હોવાના અહેવાલો સામે આવ્યા છે. પ્રથમ બનાવમાં, ચિત્રા ગણેશનગર (મફતનગર) વિસ્તારમાં રહેતા રાજેશભાઈ મનુભાઈના ઘર પર અચાનક વીજળી પડી હતી. આ ઘટનામાં ઘરમાં રાખેલા બે પંખા, મોબાઈલ, મિક્સર સહિતના તમામ ઈલેક્ટ્રિક સાધનો બળીને ખાખ થઈ ગયા હતા અને ભારે નુકસાન થયું હતું. રહેણાંક વિસ્તારમાં જ વીજળી પડતાં આસપાસના રહીશોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

જ્યારે અન્ય એક ઘટનામાં, શહેરના ચિત્રા ફુલસર વિસ્તારમાં પણ વીજળી પડવાની વિગતો સામે આવી છે, જેમાં બે ભેંસના કમકમાટીભર્યા મોત નીપજ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, પશુઓના મોતના આ બનાવ સંદર્ભે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને સ્થાનિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ પણ આ ઘટનાથી અજાણ હોવાનું સામે આવ્યું છે.

# કુડા પ્રાથમિક શાળામાં મંત્રી પરસોત્તમભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ



ભાવનગર જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬નો પ્રારંભ થયો છે. જે અંતર્ગત ઘોઘા તાલુકાની કુડા પ્રાથમિક શાળા ખાતે રાજયકક્ષાના મંત્રી પરસોત્તમભાઈ સોલંકીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીના હસ્તે બાળવાટિકાના ૩૬ અને ધોરણ-૧ના ૩૮ બાળકોને શૈક્ષણિક કિટ આપી પ્રવેશ કરાવાયો હતો.આ પ્રસંગે ડેપ્યુટી સેક્રેટરી રવિભાઈ જોષીએ દીકરીઓના શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું, જ્યારે યુવા કોળી સેનાના પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકીએ બાળકોના ઘડતરમાં વાલીઓની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને મહાનુભાવોએ શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ અવસરે શાળાના આચાર્ય, અધિકારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મ્યુ. સભામાં નવી ૯ કમિટીઓ જાહેર કરાશેઃ ૨૦ જેટલા વહીવટી અને લોકકલ્યાણના કાર્યોને બહાલી અપાશે

ભાવનગર,તા.૨૩

ભાવનગર મહાપાલિકામાં નવી બોડીના પાંચ મુખ્ય પદાધિકારીઓની વરણી બાદ, આગામી તા. ૩૦મી જૂન, મંગળવારના રોજ નવા નીતિ-નિયમો સાથેની પ્રથમ અને ચાલુ ટર્મની બીજી સાધારણ સભા યોજાશે. આ સભામાં આગામી અઢી વર્ષની મુદત માટે જાહેર બાંધકામ, આરોગ્ય, ડ્રેનેજ, વોટર વર્ક્સ, ટાઉન પ્લાનિંગ, સોશિયલ વેલ્ફેર, ગાર્ડન, સ્ટ્રીટ લાઈટ અને લીગલ સહિત કુલ ૯ મહત્વની સમિતિઓની સત્તાવાર જાહેરાત કરીને તેના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની વરણી કરાશે. શાસક પક્ષના ૪૪ નગરસેવકોમાંથી મુખ્ય ૫ પદાધિકારીઓ સિવાયના બાકી રહેલા સભ્યોમાંથી વધુ ૧૯ નગરસેવકોને આ કમિટીઓમાં સ્થાન આપીને સાંકળી લેવામાં આવશે. નવી સમિતિઓની રચના બાદ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને મુલાકાતીઓની આવન-જાવન વધતા મનપા કચેરી ફરી ધમધમી ઉઠશે. નોંધનીય છે કે ગત ટર્મમાં મંજૂર કરાયેલા પ્રશ્નોત્તરી અને સભ્યોની ચર્ચાના નવા નિયમો અનુસાર જ આ આખી સભાગૃહની કાર્યવાહી ચલાવવામાં આવશે જે નવનિયુક્ત નગરસેવકો માટે પણ નવીન રહેશે. આ સાધારણ સભામાં પ્રજાલક્ષી નિર્ણયોની વણઝાર જોવા મળશે, જેમાં ૨૦ જેટલા વહીવટી અને લોકકલ્યાણના કાર્યોને બહાલી આપવામાં (જુઓ પાનું ૬)

## વિવિધ કમિટીમાં ૧૯ નગરસેવકોને પદ અપાશે; દિવ્યાંગો માટે માત્ર રૂ. ૧૦૦માં માસિક પાસ અને કંડમ વાહનોના ઈ-ઓક્શન સહિતના પ્રજાલક્ષી નિર્ણયો લેવાશે

# જેસરના ઉગલવાણ ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

ભાવનગર,તા.૨૩

જેસર તાલુકાના ઉગલવાણ ગામે પ્લોટ વિસ્તારમાં રેઈડ કરવામાં આવી હતી. જ્યાં આણંદભાઈ હીમાશીયાના ઘર પાસે સ્ટ્રીટ લાઈટના અંજવાળે ખુલ્લી જાહેર જગ્યામાં તીન પત્તીનો જુગાર રમી રહેલા ૪ શખ્સોને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરાયેલ. મોટા ખુટવડા પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પંચોને સાથે રાખી દરોડો પાડી ગોળ કુંડાળું વળીને હાર-જીતનો જુગાર રમતા ચાર શખ્સો આણંદભાઈ કાળુભાઈ હિમાશીયા ઉ.વ. ૪૦, જેન્તીભાઈ ઉર્ફે ટેકુ ભીમજીભાઈ ડાભી ઉ.વ. ૪૫, પ્રવિણભાઈ ધનજીભાઈ હિમાશીયા ઉ.વ. ૩૫ તથા ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ હિમાશીયા ઉ.વ. ૫૦ને કોર્ડન કરી ઝડપી લીધા હતા. ઝડપાયેલા શખ્સો પાસથી અને જુગારના પટમાંથી રોકડા ૩૩૦૦ અને ગંજીપાના મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૩,૩૦૦/- ની રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય કબ્જે કરી ઉગલવાણના ચારેય આરોપીઓની કાયદેસર અટકાયત કરી છે અને તેમની વિરૂદ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.











